Extra No. 147

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **THURSDAY, JUNE 4, 2026 / JYAISTHA 14, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) નાયબ પશુપાલન નિયામક, જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી, પાટણના પત્ર જા.નં.પશપ/ટેક/ગ્લુ ટ્રેપ/૨૩૩/૨૦૨૬ તા.૨૧/૦૫/૨૦૨૬

(૨) ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરના પત્ર જા.નં.ગુ.પ્રા.ક.બો/પ્રશા/કટમ/૧૦૭(૮૫)/ ૧૯૯૫-૨૦૯૬/૨૦૨૬ તા.૦૨/૦૫/૨૦૨૬

(૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ - ૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૭૯૮૬ થી ૮૦૫૧/૨૦૨૬ વંચાણે લીધેલ સંદર્ભ-૧ ની વિગતે નામ.ગુજરાત હાઈકોર્ટમાં થયેલ Writ Petition (PIL) 28/2024 સંદર્ભે "ઉદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ)ના ઉત્પાદન, વેંચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ" ફરમાવેલ છે તથા ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરના પત્ર જા.નં.ગુ.પ્રા.ક.બો/પ્રશા /કટમ/૧૦૭ (૮૫)/૧૯૯૫-૨૦૯૬/૨૦૨૬ તા.૦૨/૦૫/૨૬ થી તમામ જિલ્લાઓમાં ગ્લુ ટ્રેપ ઉત્પાદન કરતાં યુનિટ્સ આઈડેન્ટીફાઈ કરી સત્વરે ગ્લુ ટ્રેપના ઉત્પાદનની કામગીરી બંધ થાય તે અંગે સ્થાનીક કક્ષાએ કડક પગલાં ભરવાની કાર્યવાહી તથા સ્થાનીક કક્ષાએ નાગરીકોમાં ગ્લુ ટ્રેપ-બોર્ડનો વપરાશ ના કરવામાં આવે તે પ્રકારના જન-જાગૃતી અભિયાન પણ કાર્યાન્વીત કરવા જણાવેલ છે. ઉદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ) જેને ગ્લુ-બોર્ડ અથવા સ્ટીકી તરીકે પણ ઓળખવામાં આવે છે. જેનો ઉપયોગ મોટાભાગે ઉદરોને પકડવા માટે થાય છે. જ્યારે ઉદર ગ્લુટ્રેપ વાળી સપાટી પર ચાલે છે અથવા ઉતરે છે ત્યારે ગુંદરની જાળમાં પકડાયા પછી પોતાની રીતે મુક્ત કરવામાં અસમર્થ છે. જેના પરીણામે ડીહાઈડ્રેશન, ભુખમરો અને ગુંગળામણના કારણે આખરે પીડાદાયક મૃત્યુ પામે છે. નામ. ગુજરાત હાઈકોર્ટમાં થયેલ Writ Petition (PIL) 28/2024 સંદર્ભે તા.૧૮/૦૫/૨૦૨૪ના ઓરલ ઓર્ડરથી પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમની જોગવાઈઓની ચૂસ્તપણે અમલવારી કરવા સુચના આપવામાં આવેલ છે. તેમજ પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧ મુજબ કોઈપણ પ્રાણીની બિનજરૂરી પીડા, વેદના ન આપવા અંગે જોગવાઈ થયેલ છે.

સબબ, પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણા કરતાં અત્રેના પાટણ જિલ્લામાં ઉદર પકડવાની જાળ(ગ્લુટ્રેપ)ના ઉત્પાદન, વેંચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવું યોગ્ય જણાય છે.

વાસ્તે, હું હિરેન ચૌહાણ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર પાટણ જિલ્લામાં ઉદર પકડવાની જાળ(ગ્લુટ્રેપ)ના ઉત્પાદન, વેંચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ મુકવા આદેશ કરુ છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું, જાહેરનામાં સહી કર્યા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ તા.૨૮/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

હિરેન ચૌહાણ (GAS),
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.29 15:51:07 IST